©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, APRIL 16, 2026 / CHAITRA 26, 1948 [No. 16

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬

નં. GHKH/5/2026/ACD/AMR/e-file/2/2023/5508/G:- ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૧/૦૭/૨૦૦૦ના હુકમથી ધી ગુજરાત કો-ઓપ. ઓઈલ સીડસ ગ્રોઅર્સ ફેડરેશન લી.(ગ્રોફેડ), અમદાવાદને ફડચામાં લઈ જવામાં આવેલ છે. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ સહકારી સંસ્થાને ફડચાના હુકમથી નિયત સમયમર્યાદામાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. પરંતુ સદરહુ સંઘની ફડચાની કાર્યવાહી સમયમર્યાદામાં આટોપી શકાયેલ ન હોવાથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અંતર્ગત સદર સંઘની ફડચાની મુદત વધારી આપવામાં આવેલ છે. જે અનુસાર છેલ્લે આ વિભાગના તા.૧૩/૧૨/૨૦૨૪ના જાહેરનામાથી સદરહુ સંઘની ફડચાની મુદત તા.૧૧/૧૦/૨૦૧૪ થી તા.૧૦/૧૦/૨૦૨૫ સુધી વધારી આપવામાં આવેલ હતી. પરંતુ રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગરના તા.૧૫/૧૨/૨૦૨૫ના પત્રથી રજૂ કરેલ દરખાસ્ત સાથેના ફડચા અધિકારીના તા.૦૩/૦૯/૨૦૨૫ના પત્રની વિગતે સંઘની બાકી ફડચાની કામગીરી ઉક્ત મુદત વધારા દરમ્યાન આટોપી શકાયેલ નથી.

આથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧માં ગુજરાત સહકારી મંડળીઓ(સુધારા) અધિનિયમ-૨૦૨૪થી થયેલ સુધારા મુજબની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તા અંતર્ગત ધી ગુજરાત કો-ઓપ. ઓઈલ સીડસ ગ્રોઅર્સ ફેડરેશન લી. (ગ્રોફેડ), અમદાવાદ(ફડચામાં)ની ફડચાની કાર્યવાહી આટોપી લેવા માટે તા.૧૦/૧૦/૨૦૨૫ થી તા.૧૦/૧૦/૨૦૨૭ સુધીની મુદત વધારી આપવામાં આવે છે. આ વધારેલ સમય મર્યાદામાં ફડચાની કાર્યવાહી પૂર્ણ થાય તેવી પદ્ધતિ અપનાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી માર્ચ, ૨૦૨૬

નં.જીએચકેએચ-૩૩-૨૦૨૬-નસબ-૧૧-૨૦૧૩-૧૫૨-ચ(e-file: ACD/APM/e-file/2/2023/1354/CH):- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૬/૦૨/૨૦૦૬ના હુકમ ક્રમાંક: નસબ/ફડચ/ઝ-૧૦/૫૧૬/૨૦૦૬થી ધી ધનસુરા પીપલ્સ કો.ઓ. બેંક લી. ધનસુરા ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના વખતોવખતના હુકમોથી તા.૧૬/૦૨/૨૦૧૩ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૧૫/૦૨/૨૦૨૫ સુધી કલમ ૧૬૧ હેઠળ મુક્તિ આપવામાં આવેલ હતી. છેલ્લે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૨૦/૨/૨૦૨૫ના જાહેરનામાથી તા.૧૫/૦૨/૨૦૨૬ સુધી મુદત વધારો આપેલ હતો. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

ધી ધનસુરા પીપલ્સ કો.ઓ. બેંક લી. ધનસુરાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની સુધારેલ જોગવાઈ હેઠળ ફદચાની કામગીરી આટોપી લેવા તા.૧૬/૦૨/૨૦૨૬ થી તા.૧૫/૦૨/૨૦૨૮ સુધી મુદત વધારી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી માર્ચ, ૨૦૨૬

નં.જીએચકેએચ-૩૯-૨૦૨૬-નસબ-૧૧-૨૦૧૪-૧૪૩૭-ચ(e-file no:ACD/APM/e-file/2/2023/0305/CH):- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૯/૧૨/૨૦૦૭ના હુકમ ક્રમાંક: નસબ/૦૧/ઝ-૪/૩૫૧૧/૦૭થી ધી ડાકોર મહિલા નાગરિક સહકારી બેંક લી(ફડચામાં), ડાકોરને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વખતોવખતના હુકમોથી તા.૨૮/૧૨/૨૦૧૪ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૨૮/૧૨/૨૦૨૩ સુધી કલમ ૧૬૧ હેઠળ મુક્તિ આપવામાં આવેલ છે. છેલ્લે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૫ના જાહેરનામાથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) ની સુધારેલ જોગવાઈ હેઠળ તા.૨૮/૧૨/૨૦૨૫ સુધી ફડચાની કામગીરી આટોપવામાંથી મુદત વધારો આપવામાં આવેલ હતો. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

આથી, ધી ડાકોર મહિલા નાગરિક સહકારી બેંક લી., ડાકોરને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ હેઠળ ફડચાની કામગીરી આટોપી લેવા તા.૨૯/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૧૨/૨૦૨૭ સુધી મુદત વધારો આપવામાં આવે છે. આ વધારેલ સમયમર્યાદામાં ફડચાની કામગીરી પૂર્ણ થાય તે રીતે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.16 21:52:06 IST